# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૭ તા.૧૯-૭-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય:- 'મિશન વિદ્યા' અંતર્ગત બાયસેગ દ્વારા થનાર ટેલી કોન્ફરન્સનું પ્રસારણ નિહાળવા બાબત.**
**સંદર્ભ:- ૧. સ્ટેટ પ્રો.ડાયરેકટર નં.એસએસએ/મકમ/૧૮ / ૨૪૧૬૫-૨૦૧ તા.૧૯-૭-૨૦૧૮નો પત્ર.**
**૨. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક જશભ/૧૨૧/સિ.ફા.-૩૧/ન, તા.૧૯-૭-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, 'મિશન વિદ્યા' અંતર્ગત શાળાઓમાં બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય તા.૨૬-૭-૧૮થી તા.૩૧-૮-૧૮ દરમ્યાન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના માર્ગદર્શન માટે તા.૨૦-૭-૧૮ના રોજ બપોરે ૧૫-૩૦ કલાકથી ૧૭-૦૦ કલાક દરમ્યાન બાયસેગ ચેનલ મારફત પ્રસારણ થનાર છે. આ પ્રસારણ દરેક પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક તેમજ એક ટેકનોલોજીના જાણકાર શિક્ષક મિત્ર દ્વારા નિહાળવા જણાવવામાં આવે છે. આ બાયસેગ પ્રસારણ તમામ અધિકારીશ્રીઓએ, બી.આર.સી.,યુ.આર.સી.,સી.આર.સી.,બી.આર.પી.,બ્લોક એમ.આઈ.એસ. ડેટાએન્ટ્રી ઓપરેટરે પ્રસારણ દરમ્યાન હાજર રહી ફરજિયાત નિહાળવાનું રહેશે. આ સાથે સંદર્ભિત પત્ર-૧ સામેલ છે.

તા.૧૯-૭-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૪૯૬૫-૨૦૯.

પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. એસએસએ/મકમ/૧૮/
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન,
સેકટર-૧૭, ગાંધીનગર
તા. ૧૯.૦૭.૨૦૧૮
ફોન નંબર: (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ
જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : "મિશન વિદ્યા" અંતર્ગત ટેલી કોન્ફરન્સના આયોજન બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ જશભ/૧૨૧/સિ.ફા.-૩૧/ન, તા.૧૯.૭.૨૦૧૮**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, "મિશન વિદ્યા" અંતર્ગત શાળાઓમાં બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય તા.૨૬.૭.૨૦૧૮ થી તા.૩૧.૮.૨૦૧૮ દરમ્યાન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના માર્ગદર્શન માટે તા.૨૦.૭.૨૦૧૮ ના રોજ બપોરે ૧૫:૩૦ કલાક થી ૧૭:૦૦ કલાક દરમ્યાન બાયસેગ ચેનલ મારફત પ્રસારણ થનાર છે. આ પ્રસારણ દરેક પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક તેમજ એક ટેકનોલોજીના જાણકાર શિક્ષકમિત્ર ધ્વારા જોવા જણાવવામાં આવે છે. બાયસેગ પ્રસારણની વ્યવસ્થા પોતાની શાળામાં ન હોય તો બાજુની અન્ય શાળામાં આ કાર્યક્રમ નિહાળવાનો રહેશે. એકપણ શાળા આ પ્રસારણ જોવામાં બાકી ન રહે તે રીતનું આયોજન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ધ્વારા કરવાનું રહેશે.

આ પ્રસારણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, કેળવણી નિરીક્ષક, બીટ કેળવણી નિરીક્ષક, બીઆરસી કો-ઓર્ડિનેટર, સીઆરસી કો-ઓર્ડિનેટર, બીઆરપી, બ્લોક એમઆઈએસ, ડેટા એન્ટ્રી ઓપરેટરે પ્રસારણ દરમ્યાન હાજર રહેવાનું રહેશે.

(પી.ભારતી)

**નકલ રવાના જાણ સારૂ :**
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર
- પી.એ. ટુ માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

E:\D\DPEO\Mission Vidya Teleconference.doc

Scanned by CamScanner